દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

રવિવાર ૧૦ મે, ૨૦૨૬

# દેશના સૌથી ધનવાન મુખ્યમંત્રી વિજય થલાપતિએ બીજાની નિષ્ફળતામાંથી પાઠ ભણી સફળતા મેળવી

નિષ્ફળતાના પાઠ ભણીને સફળતા મેળવવી તે પણ એ કળા છે અને આ કળા થકી જ વિજય થલાપતિએ બે વર્ષમાં જ તમિલનાડુના ખેરખાંઓને એકલે હાથે માત આપી છે. તમિલનાડુની રાજનીતિ હંમેશા સિનેમા અને કલ્ટ વ્યક્તિત્વના પ્રભાવ હેઠળ રહી છે. દાયકાઓ સુધી, આ રાજ્યે એમ. જી. રામચંદ્રન (MGR) અને જે. જયલલિતા જેવા સુપરસ્ટાર કલાકારોને રાષ્ટ્રપ્રમુખ જેવું સન્માન આપી મુખ્યમંત્રી પદ સુધી પહોંચાડ્યા છે. પરંતુ છેલ્લા સાડા ત્રણ દાયકાથી આ પરંપરા પર વિરામ લાગી ગયો હોય તેમ લાગતું હતું. રજનીકાંત અને કમલ હાસન જેવા દિગ્ગજો પણ રાજકારણમાં એવો જાદુ ન ચલાવી શક્યા જેવો તેમની ફિલ્મોમાં હતો. આવા સમયમાં, 2024 માં જ્યારે જોસેફ વિજય ચંદ્રશેખર, જેઓ તેમના લાખો ચાહકો માટે થલાપતિ વિજય છે, તેમણે અભિનયમાંથી નિવૃત્તિ જાહેર કરી અને રાજકારણમાં પ્રવેશવાની ઘોષણા કરી, ત્યારે આખું તમિલનાડુ સ્તબ્ધ થઈ ગયું. 2026ની તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના પરિણામો હવે માત્ર એક રાજકીય ઘટના નથી, પરંતુ વિજયના રાજકીય પક્ષ તમિલગા વેત્રિ કઝગમ(TVK)નું પરફોર્મન્સ લિટમસ ટેસ્ટ માનવામાં આવે છે. વિજય માત્ર એક સુપરસ્ટાર ચહેરા તરીકે રાજકારણમાં નથી ઉતર્યા, પરંતુ તેઓ તમિલનાડુના જટિલ રાજકીય સમીકરણોમાં એક નવો, વાસ્તવિક વિકલ્પ બનીને ઉભર્યા છે. તમિલનાડુમાં દ્રવિડ આંદોલનમાંથી નીકળેલા સિદ્ધાંતો આજે સરકારની નીતિઓનો મુખ્ય ભાગ છે. સામાજિક ન્યાય અને દ્રવિડ ઓળખ અહીં સુરક્ષિત છે. જોકે, આજના તમિલ યુવાનોમાં એક નવી પ્રકારની બેચેની જોવા મળી રહી છે. જેને રાજકીય વિશ્લેષકો પોસ્ટ-દ્રવિડિયન એન્ઝાઇટી (Post-Dravidian Anxiety) કહે છે. આ એ પેઢી છે જેણે દ્રવિડ આંદોલનના સંઘર્ષો જોયા નથી, પરંતુ તેની આડઅસરો અને આધુનિક યુગના પડકારોનો સામનો કરી રહી છે. આજના યુવાનો સામે અનેક પ્રશ્નો છે જેવા કે દ્રવિડ રાજનીતિ સામાજિક રીતે સફળ રહી, પણ આર્થિક મોરચે હવે આગળ શું? દાયકાઓ સુધી માત્ર બે જ પક્ષો (DMK અને AIADMK) વચ્ચે કેમ પસંદગી કરવી? ઓળખની લડાઈ જીતી લીધી, પણ નોકરીઓ ક્યાં છે? ભ્રષ્ટાચાર કેમ અટકતો નથી? તમિલનાડુના આ યુવા મતદારો હવે પરિવર્તન ઇચ્છી રહ્યા છે. તેઓ એવો નેતા શોધી રહ્યા છે જે જૂના સંઘર્ષોનું સન્માન કરે પણ ભવિષ્યની સમસ્યાઓનો ઉકેલ લાવે. વિજયે આ જ જગ્યા ખાલી જોઈ અને ત્યાં પોતાની પકડ મજબૂત કરી છે. 90ના દાયકાથી સ્ટાર બનેલા વિજય પોતાની ફિલ્મોમાં હંમેશા સિસ્ટમ સામે લડતા ચહેરા તરીકે ઓળખાયા છે. 1994માં તેમના પિતા એસ. એ. ચંદ્રશેખરની ફિલ્મ રસીગન દ્વારા તેમને ઇલયાથલપતિ(યુવા નેતા)નું બિરુદ મળ્યું હતું. થુપ્પક્કી' (2012), થલાઈવા (2013), કત્થી (2014) અને મર્સલ (2017) જેવી ફિલ્મોમાં વિજયે કોર્પોરેટ શોષણ, ખેડૂતોની જમીન, મેડિકલ ભ્રષ્ટાચાર અને સરકારી તંત્ર સામે લડાઈ લડી હતી. આ ફિલ્મો માત્ર મનોરંજન નહોતી, પરંતુ સત્તામાં બેઠેલા પરિવારો અને વારસામાં મળેલી રાજનીતિ પર સીધો પ્રહાર હતો.



ડિરેક્ટર એટલીની ફિલ્મ મર્સલ પછી તેમને થલાપતિ(નેતા) નું સત્તાવાર બિરુદ મળ્યું, જેણે તેમની રાજકીય મહત્ત્વાકાંક્ષા માટે પાયો તૈયાર કર્યો. વિજયે ખૂબ જ શાંતિથી વર્ષો સુધી પોતાનું ફેન બેઝ તૈયાર કર્યું અને તેને સામાજિક કાર્યો સાથે જોડીને એક કેડર જેવું માળખું ઊભું કર્યું. તેમની સંપતિની વાત કરીએ તો 648 કરોડથી વધુ છે. તેમના સોગંદનામામાં તેમણે આ વિગત આપી છે. પહેલા 332 કરોડ સામે ચંદ્રાબાબુને સૌથી ધનિક મુખ્યમંત્રી ગણવામાં આવતા હતાં. અત્યાર સુધી તમિલનાડુનું રાજકારણ ડીએમકે અને એઆઇએડીએમકે વચ્ચે જ સમાપ્ત થઇ જતું હતું પરંતુ વિજયે જાનકીનો નાથ પણ જાણી શક્યો નહીં કાલે સવારે શું થવાનું? તે ભજનને સાચું કરી બતાવ્યું છે. તમિલનાડુના બદલાયેલા રાજકીય સમીકરણોને સમજીએ તો જણાશે કે ચૂંટણી પરિણામોમાં દાયકાઓ સુધી સત્તાના કેન્દ્ર સ્થાને રહેલા એઆઇએડીએમકે અને ડીએમકેને લોકોએ જાકારો આપ્યો છે. તેમજ એક સર્વે મુજબ 37 ટકા લોકો થલાપતિ વિજયને સીએમ તરીકે જોવા ઈચ્છતા હતા. જ્યારે માત્ર 35 ટકા લોકો સ્ટાલિનને સીએમ તરીકે જોવા માંગતા હતા. તેમજ રાજ્યમાં યુવા મતદારોનો મૂડ આ વખતે મહત્વનો રહ્યો હતો. જે મોટાભાગે થલાપતિ વિજય તરફ હતો. થલાપતિ વિજયે વર્ષ 2024 માં ટીવીકેના લોન્ચ સાથે ઔપચારિક રીતે રાજકીય ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. વિજયે પરંપરાગત રાજકીય નિવેદનોના બદલે સ્પષ્ટ સંદેશ આપવા અને સીધા જાહેર સંપર્કમાં જોડાવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. ફિલ્મ ઉદ્યોગથી પોતાને દૂર રાખવાના તેમના નિર્ણયથી તેમના રાજકીય ઉદ્દેશ્યની ગંભીરતા પર ભાર મૂકવામાં આવ્યો. તેમણે ભ્રષ્ટાચાર, શિક્ષણ અને રોજગાર જેવા મુખ્ય મુદ્દાઓ પર પોતાનો ચૂંટણી પ્રચાર કેન્દ્રિત કર્યો. તેમજ પોતાને હાલની વ્યવસ્થામાં પરિવર્તન લાવવા માટે સક્ષમ નેતા તરીકે સ્થાપિત કર્યા છે. તેમજ ટીવીકેની સફળતાનું કારણ વ્યૂહરચના અને ટાઇમ મેનેજમેન્ટ છે. વિજયે યુવાનો અને પહેલી વાર મત આપનારા મતદારોની આકાંક્ષાઓ સાથે સફળતાપૂર્વક કનેક્ટ થયા હતા.આ પ્રક્રિયામાં સોશિયલ મીડિયાએ પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી.સોશિયલ મીડિયાએ તેમનો સંદેશને પરંપરાગત રાજકીય રેલીઓ કરતાં વધુ લોકો સુધી પહોંચવામાં મદદ કરી હતી.તેમના મજબૂત ગ્રાસરુટ નેટવર્કે પણ પ્રચારને વાસ્તવિક બનાવ્યો હતો.

## આપણે નક્કી કરવાનું છે

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

રજત કોલેજમાંથી પગ પછાડતો ઘરે આવ્યો, તેનું જીન્સ ફાટેલું હતું અને સફેદ શર્ટ પર ઘણા ડાઘા હતા મમ્મી એ પૂછ્યું ‘શું થયું?’ રજતે કંઈ જવાબ ન આપ્યો અને પોતાની રૂમમાં જતો રહ્યો. રૂમમાંથી પણ તોડફોડ થવાનો અવાજ આવ્યો. થોડી વારે રજત રૂમમાંથી બહાર આવ્યો મમ્મીએ કંઈ ન કહ્યું પણ દાદાએ પૂછ્યું, ‘રજત શું થયું છે?’ રજતે કહ્યું, ‘આજે ક્રિકેટ રમતા રમતા કોલેજમાં ક્રિકેટ ટીમના કેપ્ટન સાથે ઝઘડો થઇ ગયો. હવે હું તેને બરાબર દેખાડી દઈશ. મારું બેટ જોયું છે ને આ બેટથી તેના ટાંટિયા તોડી નાખીશ અને બરાબર જોઇશ કે કેવી રીતે ક્રિકેટ રમી શકે છે.’ દાદા રજતની સામે જોતા રહ્યા... દાદાના મુખ પર એવા ભાવ હતા જાણે કોઈ અજાણ્યા ને જોઈ રહ્યા હોય. દાદાએ રજતને કહ્યું, ‘શાંત થા... એક ગ્લાસ પાણી પી અને મારી બાજુમાં આવીને બેસ.’ રજત પાણી પીને દાદાની બાજુમાં જઈને બેઠો. દાદાએ પોતાના હાથમાં એક પેન લીધી, નીચે ફેંકી, પેન નીચે પડી... દાદાએ પોતાના ચશ્માનું કવર લીધું હાથમાંથી નીચે ફેક્યું, કવર નીચે પડ્યું... દાદાએ રજતના હાથમાં ખાલી પાણીનો ગ્લાસ હતો તેની તરફ આંગળી ચીંધતા. રજતને કહ્યું, ‘આ ગ્લાસને નીચે ફેક.’ અને રજતે ગ્લાસ ફેંક્યો ફેંક્યો અને ગ્લાસ નીચે પડ્યો.

રજતને કંઈ સમજાયું નહીં કે આ દાદા શું કામ બધી ચીજો નીચે ફેંકી રહ્યા છે... દાદા બોલ્યા, ‘ આ પેન હોય, આ ચશ્માનું કવર હોય કે પછી તારા હાથનો ગ્લાસ આ કોઈ વસ્તુ પોતે નક્કી નથી કરતી કે તે નીચે પડે છે કે ક્યારે નીચે પડશે કે કેવી રીતે નીચે પડશે કે કેટલી નીચે પડશે. કારણ આ બધું આ વસ્તુઓ નક્કી કરી જ શકતી નથી પણ આપણે તો માણસો છીએ ને!’ આટલું બોલીને દાદા અટકી ગયા અને રજતથી સામે જોઈ રહ્યા. રજતે દાદાને પૂછ્યું, ‘દાદા, તમે શું કહેવા માંગો છો?’ દાદાએ કહ્યું, ‘રજત. સાંભળ મારી વાત તું આજે બોલ્યો ફરી ક્યારેય નહીં બોલતો કે હું તેના પગ તોડી નાખીશ અને જોઈ લઇશ કે તે ક્રિકેટ કેવી રીતે રમે છે આ તારા સંસ્કાર નથી. આ તારા ગુણ નથી.. આ તારા વિચારો નથી... માત્ર ગુસ્સા, અભિમાન અને હરીફાઈ જીતવાની જીદને કારણે તું આટલો નીચે પડીશ? રજત આપણે માણસો નક્કી કરી શકીએ છીએ કે આપણે ક્યારે નીચે પડવું છે કેટલા નીચે જવું છે... જીવનમાં આપણું સ્તર કેટલું નીચે લાવવું છે... સ્વભાવમાં, વિચારમાં, વાણીમાં, વર્તનમાં, શબ્દોમાં, માણસ પોતે નક્કી કરી શકે છે કે તેને કેટલા નીચે પડવું છે કે કેટલા ઉપર ઊઠવું છે માટે જાતે જ નક્કી કર આ જ પછી આવું એલફેલ ખરાબ વર્તન અને ખરાબ વિચારો અને ખરાબ વાક્યો ક્યારેય બોલતો નહીં તારું સ્તર નીચું કરતો નહીં.’ રજતને પોતાની ભૂલ સમજાઈ ગઈ.

# યુદ્ધ વકરે તો ખાડીના દેશોમાં વસતા ભારતીયો અને ભારત પર એની શું અસર થશે?

વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

એપ્રિલ 2026ના અંતમાં ઈરાન-ઈઝરાયેલ અમેરિકા વચ્ચે યુદ્ધવિરામના સમાચારે થોડી રાહતની લાગણી જન્માવી હતી. આના એક કરતાં વધુ કારણો છે. પહેલું ભારત આવતું ખનિજ તેલ અને ગેસનો 50 ટકા જથ્થો હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થાય છે, જે આ યુદ્ધને કારણે ખોરવાયો હતો એને યુદ્ધવિરામના સમય દરમિયાન અંશતઃ પુનઃસ્થાપિત કરી શકાયો. હવે પાછું જો યુદ્ધ ભડકે તો ભારતે ઊર્જા કટોકટીનો સામનો કરવો પડે.

ડોલર સામે રૂપિયો 95ની સપાટીને ટપલીદાવ કરી આવ્યો તે કદાચ 98-99-100ની સપાટીને આંબી જાય તો ભારત માટે આયાતો અત્યંત મોંઘી બને અને ભારતમાં ઊર્જાની કિંમત તેમજ પ્રાપ્તિ બંનેને કારણે અર્થવ્યવસ્થા સામે મોટી કટોકટી ઊભી થાય. બીજું, ખાડીના દેશોમાં લગભગ એક કરોડ જેટલાં ભારતીયો પેટિયું રળવા માટે કામ કરી રહ્યાં છે. હજુ એમાંનાં મોટા ભાગનાં સામે દેશ પરત ફરવું પડે તેવી પરિસ્થિતિ ઊભી નથી થઈ પણ જો યુદ્ધ વકરે અને ત્યાંની કંપનીઓ નુકસાન કરતી થાય તે પરિસ્થિતિમાં પોતાનાં કર્મચારીઓની છટણી કરે તો એની અસર ભારતને બે રીતે થાય.

એક, ભારતમાં દર વર્ષે ખાડીના દેશોમાં કામ કરતાં લોકો લગભગ 7થી 7.5 લાખ કરોડ જેટલું વિદેશી હૂંડિયામણ મોકલાવે છે, જેને કારણે વિદેશી મુદ્રાનું ભંડોળ ભારત માટે ચિંતાનો વિષય બન્યું નથી. 2026-27 માટેનું કેન્દ્રીય બજેટ અંદાજે 54 લાખ કરોડ હતું તે જોતાં એની લગભગ 10થી 12 ટકા જેટલી રકમ આપણા ભારતીય નાગરિકોના ખાડીના દેશોમાં કરેલી કાળી મજૂરીના છે, જે એમનાં કુટુંબીજનોને ખર્ચ તેમજ બચત પેટે જાય છે. આ આવક ખૂબ મોટા પાયે ઘટી જાય તો શું થાય?

**હજારો ભારતીયો આજે ‘જીવ બચાવવો કે આજીવિકા’ તેવા કપરા પ્રશ્ન વચ્ચે ઝઝૂમી રહ્યા છે. જો યુદ્ધ લાંબું ખેંચાશે, તો ભારતમાં આવતા રેમિટન્સમાં મોટો ઘટાડો થઈ શકે છે, જે કેરળ અને તેલંગાણા જેવાં રાજ્યોના અર્થતંત્ર પર ગંભીર અસર કરશે**

બીજો મુદ્દો એથી પણ ગંભીર છેઃ યુદ્ધ વકરે અને ખાડીના દેશોમાંથી 50 ટકા જેટલાં ભારતીયોને પાછાં આવવાની જરૂર પડે તો 50 લાખ જેટલાં લોકોને પરત ફરવાનું કામ ભારત સરકારને માથે આવે એટલું જ નહીં પણ આ પરત આવેલાં લોકો અત્યારે જે બેરોજગારી વધી રહી છે તેમાં ઉમેરો કરવાનું કામ કરે તો ઘરઆંગણે પણ પરિસ્થિતિ વણસે. આમ, અમેરિકા-ઈઝરાયેલ-ઈરાન યુદ્ધમાં ખાડીના દેશો ન જોડાય તે ભારતના હિતમાં છે.

યુએઈની સંડોવણી અને વધતી અસ્થિરતાની વાત કરીએ તો તાજેતરમાં, ઈરાન દ્વારા યુએઈના ફુજૈરાહ તેલ બંદર અને અન્ય નાગરિક વિસ્તારો પર કરાયેલા મિસાઈલ હુમલાઓએ ખાડીના ‘સેફ હેવન’ ગણાતા દેશોની સુરક્ષા પર સવાલો ઊભા કર્યા છે. યુએઈમાં લગભગ ૪૨ લાખ ભારતીયો વસે છે, જે ત્યાંની વસ્તીના ૩૫% જેટલા છે. ઈઝરાયેલ દ્વારા યુએઈને ‘આયર્ન ડોમ’ જેવી સંરક્ષણ પ્રણાલીની મદદ આપવાના અહેવાલોએ ઈરાનને વધુ ઉશ્કેર્યું છે. આ ભૂરાજકીય ખેંચતાણમાં સામાન્ય ભારતીય કામદાર માત્ર પ્રેક્ષક નથી, પરંતુ સીધી રીતે પ્રભાવિત થનાર પક્ષ બની ગયો છે.

ભારતીય સમુદાય માટે સૌથી મોટી ચિંતા આર્થિક અસ્થિરતાની છે. હોસ્પિટાલિટી, પ્રવાસન અને બાંધકામ જેવાં ક્ષેત્રોમાં છટણી શરૂ થઈ ગઈ છે. હોટેલ્સ ખાલી થઈ રહી છે અને નવા પ્રોજેક્ટ્સ અટકી પડ્યા છે. હજારો ભારતીયો આજે ‘જીવ બચાવવો કે આજીવિકા’ તેવા કપરા પ્રશ્ન વચ્ચે ઝઝૂમી રહ્યા છે. જો યુદ્ધ લાંબું ખેંચાશે, તો ભારતમાં આવતા રેમિટન્સમાં મોટો ઘટાડો થઈ શકે છે, જે કેરળ અને તેલંગાણા જેવાં રાજ્યોના અર્થતંત્ર પર ગંભીર અસર કરશે.

ગલ્ફના દેશોમાં વસતાં ભારતીયો માત્ર શ્રમિકો નથી, પરંતુ ભારતની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ છે. વર્તમાન યુદ્ધે સાબિત કર્યું છે કે મધ્ય પૂર્વમાં અસ્થિરતાની સીધી અસર ભારતનાં ગામડાઓ સુધી પહોંચે છે. શાંતિ સ્થાપવા માટેની રાજદ્વારી કોશિશો જ હવે એકમાત્ર આશા છે. જો આ સીઝફાયર વધુ નબળો પડશે, તો માનવીય અને આર્થિક સંકટની એવી લહેર આવશે જેને સંભાળવી અત્યંત મુશ્કેલ હશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ઈડી આળસ મરડીને બેઠી થઈ

યે મેરા ઈન્ડિયા

વિનોદ પંડ્યા

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ની કાર્યપ્રણાલિ, તેઓ અસ્તિત્વમાં આવી ત્યારથી શંકાના ઘેરામાં છે. જે નામચીનોનાં નામ આ સંસ્થાઓને ચોપડે નોંધાયા તેમાંના કોઈને ક્યારેય સજા થઈ નથી. થોડા મહિનાઓ અગાઉ સુરેશ કલમાડીનું પૂણેમાં અવસાન થયું ત્યારે ભવ્ય અંતિમ યાત્રા કાઢવામાં આવી. કોમનવેલ્થમાં જે અબજો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો તે કલમાડીના નામે ચડાવાયો હતો.

મિડિયાએ ગોટાળાને એટલો ચગાવ્યો હતો કે લોકોને પણ થયું કે હવે કલમાડી બચશે નહીં. એ વખતે કલમાડી વટથી બોલતા હતાં કે મને જે કોઈ ફસાવવા માગશે એને હું ફગાવી દઈશ. કોમનવેલ્થ કૌભાંડના પગલે સુપર પીએમ સોનિયા ગાંધીની સરકાર જતી રહી, પરંતુ કલમાડીનો વાળ વાંકો ન થયો. વાસ્તવમાં કૌભાંડના સુત્રધારો સોનિયા ગાંધી અને શરદ પવાર હશે એવું પ્રજાને સમજાવા લાગ્યું.

આજે એ કોંગ્રેસી કૌભાંડ યુગને બારેક વરસ વિતી ગયા છે. ટુજી સ્કેન્ડલવાળા કનીમોઝી સન્માનનીય નેતા તરીકે સંસદ શોભાવે છે. એ રાજા, ભાજપની ટીકા કરતા રહે છે. રોબર્ટ વાડરા વારંવાર જીમનેશિયમમાં જોવા મળે છે. ક્યારેક બોલે તો બફાટ કરી નાખે. નેશનલ હેરાલ્ડ કેસમાં સોનિયા ગાંધીને જાણે કે મોદી સરકારે નિર્દોષ ઠરાવી દીધા છે. કોર્ટે નથી ઠરાવ્યા. મોદી લોકોનું સ્વમાનભંગ બદલ રાહુલ ગાંધીને કાગળ પર સજા થઈ, પણ થઈ નથી. બે દેશોના પાસપોર્ટ બાબતે હમણા રાહુલને સંકજામાં લેવા માટે કાર્યવાહી આગળ ચાલે ત્યાં જ અટકાવી દેવામાં આવી. રાહુલને અગાઉ પણ, જ્યાં ગુનેગાર ઠરી શકે તેમ હતા ત્યાં માફ કરી દેવામાં આવ્યા છે. આવી યાદી લાંબી છે.

આ શું બતાવે છે? બસ એ જ કે, મોટાં મોથાંઓને સજા કરવાની નથી. એવો ડર બતાવવામાં આવે કે તેઓને લોકોની સહાનુભૂતિ મળી જશે. શું એ કારણ માત્રથી ભ્રષ્ટાચાર, ગુનાખોરી અને કાયદાની ફજેતી ચલાવવા દઈ શકાય?

પરંતુ અહીં કારણ ભ્રષ્ટાચારનું નથી. શક્ય છે કે આજે જેમને સજા થઈ તેઓ આવતીકાલે સત્તા પર પણ આવી શકે છે. તેઓ રિવેન્જનો રિવેન્જ લે તો આજના હાકેમો કાલના કેદીઓ બની શકે. માટે એક સમર્થ વર્ગને કાયદાના વર્તુળમાંથી બહાર રખાયો છે.

પરંતુ જેમ પી.ચિંદબરમને એક વખત ઘેરવામાં આવ્યા હતા એ પ્રકારનાં નાનાં મોટાં છમકલાં ચાલતા રહે છે. ઈ.ડી.એ. 17મે 2019ના રોજ હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ભૂપિન્દર સિંહ હૂડા સામે મની લોન્ડરીંગનો કેસ નોંધાવ્યો હતો.

જેમાં ગુરુગ્રામની 1400 એંકરથી વધુ જમીન બજાર ભાવ કરતા ખૂબ ઓછી કિંમતે વેચવાની જમીન ધારકને ફરજ પાડવામાં આવી હતી. ઈડીએ આ મામલો ઈડીની કાર્યપદ્ધતિને છાજે એવી ઢબે આગળ વધાર્યો. છાપાઓ મારવામાં આવ્યા. સંપત્તિઓ કબ્જે કરવામાં આવી. પરંતુ ત્યારબાદ કશું જ નહીં. સાવ ખામોશી અને સાતેક વરસનાં બોલકાં મૌનના વાણાં વાયાં ત્યારબાદ હમણા હુડા સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. મની લોન્ડરીંગની સ્પેશિયલ કોર્ટમાં તે નોંધાવવામાં આવી છે.

ઈડી સમક્ષ છ હજારથી વધુ મામલાઓ પડી રહેલા છે. જેમાં ચાર્જશીટ નોંધાવવામાં આવી નથી. હવે હમણાંથી તેનો નિકાલ કરવાની દિશામાં ગતિ આણવામાં આવી છે. ઈડીની કાર્યશૈલીમાં ઝડપ લાવવાની વાત થઈ રહી છે. કામકાજની તરાહ બદલાવવી જરૂરી છે. પરંતુ તે માટે અગાઉના વિલંબિત કેસોનો નિકાલ જરૂરી છે. આખરે મામલાઓ કોર્ટ સુધી પહોંચાડવા અને જે કંઈ ચૂકાદો આવે તે મેળવ્યા બાદ જ તેનો નિકાલ થઈ શકે. જોકે ઈડી ધારે તો અદાલતને કહી શકે કે તપાસમાં કશું મળ્યું કે વળ્યું નથી.

ઈડી એને સીબીઆઈ, બંનેની ત્વચા એટલી ઘટ્ટ કે જાડી બની

**ઈડી સમક્ષ છ હજારથી વધુ મામલાઓ પડી રહેલા છે. જેમાં ચાર્જશીટ નોંધાવવામાં આવી નથી. હવે હમણાંથી તેનો નિકાલ કરવાની દિશામાં ગતિ આણવામાં આવી છે. ઈડીની કાર્યશૈલીમાં ઝડપ લાવવાની વાત થઈ રહી છે.**

ગઈ છે કે સુપ્રીમ કોર્ટ, વિપક્ષ મિડિયા કે પછી કોઈપણ તેની ટીકા કરે તો ભેંસના વાંસા પર પાણી નાખવાથી જે થાય એવી અસર તેના અધિકારીઓ પર થાય છે.

વરસ 2005 થી 2014 સુધીના નવ વરસમાં ઈડીએ માત્ર 84 ચાર્જશીટ, જેને પીસી અથવા પ્રોસિક્યુશન કમ્પ્લેઈન્ટ કહે છે તે દાખલ કર્યા છે.

વરસની લગભગ નવ ચાર્જશીટ સરકારને આ વિભાગ કેટલો મોંઘો પડતો હશે તે આ આંકડાઓ પરથી સમજાય છે. ત્યારબાદ 2014માં મોદી સરકાર રચાઈ. 2014થી 2024માં વરસ દહાડે સરેરાશ 132 ચાર્જશીટ દાખલ કરાવાઈ. ટૂંકમાં સરકાર બદલવાની સાથે ઘણી તેજી આવી. પરંતુ કોઈ ખાસ સજાવારી થઈ નથી. ઈડીના ડિરેક્ટર તરીકે હવે રાહુલ નવીન આવ્યા છે અને એ સંસ્થાની તરાહ બદલવા માંગે છે. ઝડપ તેથી વધી છે, પરંતુ અગાઉ ચાર્જશીટ દાખલ કરવામાં વરસો નિકળી જતાં તે માટે એક મહત્ત્વનું કારણ એ પણ હતું કે ઈડીના કેસો અલગ અલગ અધિકારીઓમાં વહેંચાયેલા રહેતાં હતાં અને શકમંદો સામે કાર્યવાહી ચલાવવાને બહાને બધા નહીં તો પણ ઘણા અફસરો શકમંદ અથવા આરોપીને સમન્સ વગેરે મોકલાવીને તેઓ પાસેથી રૂશ્વત તરીકે પૈસા ખંખેરતા રહેતા હતા. એક વખત કેસ અદાલતમાં જતો રહે પછી એ બોરડી ઈડી માટે નકામી બની જાય. માટે વરસો સુધી તેને ખંખેરવટની હોય તો ચાર્જશીટ જેમ બને તેમ મોડી દાખલ કરવી એ ઉપાય હતો.

તાજ છાપ સિગારેટ પર એક વાક્ય લખેલું રહેતુ, ‘‘ધીમી બળે છે અને વધુ લિજ્જત આપે છે’’ ઈડીએ પણ એ જ વિજ્ઞાન અપનાવ્યું હતું. હવે રાહુલ નવીન સક્રિય થયા છે.

વરસ 2026માં કમ સે કમ પાંચસો કેસમાં ચાર્જશીટ દાખલ કરવાનો લક્ષ્યાંક એમણે રાખ્યો છે. જેમ બને તેમ વધુ અને વધુ ગુનેગારોને સજા કરાવવાનો ઈરાદો હોય તો વધુ સારું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### સંગીતકાર પંકજ મલિક

ભારતીય સિનેમામાં પહેલીવાર પ્લેબેક સંગીત પીરસનાર બંગાળી ગાયક, સંગીતકાર અને અભિનેતા પંકજ મલિકનો જન્મ 10/5/1905ના રોજ થયો હતો. રવીન્દ્રનાથ ટાગોરના ગીતોને સ્વરબધ્ધ કરીને 21 વર્ષ તેઓ રવીન્દ્ર સંગીતના મહારથી ગણાયા હતા.બંગાળી અને હિંદી ફિલ્મોમાં તેમના પ્રદાનને અનુરૂપ ભારત સરકારે તેમને પદ્મશ્રી અને દાદા સાહેબ ફાળકે એવોર્ડ આપ્યો હતો. શાસ્ત્રીય સંગીતની તાલીમ તેમણે દુર્ગાદાસ બંદોપાધ્યય પાસે લીધી હતી.રવીન્દ્ર સંગીતથી તેઓ બંગાળ અને અત્યારના બાંગ્લાદેશના ઘર ઘરમાં જાણીતા થયા હતા.21 વર્ષે તેમણે વ્યવસાયિક ધોરણે રવીન્દ્ર સંગીતની કેસેટ બહાર પાડી હતી.સંગીતકાર તરીકેની તેમની શરૂઆત એઆઈઆરni પૂર્વજ ઈન્ડિયન બ્રોડકાસ્ટિંગ કંપનીમાં 1977માં સંગીતકાર આર.સી.બોરાલ સાથે થઈ હતી. મહિષાસુર મર્દિની નામનો એક સંગીતમય પ્રોગ્રામ પણ તેમણે રચ્યો હતો જેનાથી તેમની લોકપ્રિયતા ટૉપ પર પંહોચી હતી.એઆઈઆરે તેનું પ્રસારણ કર્યું હતું.1931થી 38 વર્ષ સુધી તેમણે બંગાળી,હિંદી,ઉર્દૂ અને તમિળ ફિલ્મોમાં સંગીત પીરસ્યું હતું.તેમણે સાયગલ,સચીન દેવ બર્મન, ગીતા દત્ત,હેમંતકુમાર અને આશા ભોંસલે જેવા કલાકારો સાથે કામ કર્યું હતું.19/2/1978 નો રોજ 73 વર્ષની વયે તેમનું અવસાન થયુ હતું.

**સુરત - સુરેન્દ્ર દલાલ**

### પશ્ચિમ બંગાળમાં ભાજપે બહુમતી મેળવી

મેં મારા તા. 23 જાન્યુઆરી 2026ના રોજ ‘ગુજરાતમિત્ર’માં પ્રગટ થયેલા ચર્ચાપત્રમાં લખ્યું હતું કે હુમાયુન કબીરે તુણમુલ કોંગ્રેસમાંથી નીકળીને નવો પક્ષ સ્થાપવાની જાહેરાત કરી અને ઓવૈસીએ એમને ટેકો જાહેર કર્યો એટલે ચૂંટણીમાં મતો હુમાયુન કબીરને મળશે. હિન્દુઓના મતો વહેંચાઈ જશે. બહુમતી હિન્દુઓના મત ભાજપને મળશે. બાકીના મતો તુણમુલ કોંગ્રેસને મળશે.

એટલે ભાજપ ખૂબ આશાની બહુમતી મેળવી લીધી. હવે ભાજપની મમતા બેનરજી અને એમના અગ્રગણ્ય સાથીદારોની શું સ્થિતિ થશે, એ હવે આવનારો સમય જ કહેશે.

**નવસારી – દોલતરાય ટેલર**

### લોન લેવા માટેની સિક્યોરિટી!

ભૂતકાળમાં કેટલીક નાની મોટી બેંકો ફડચામાં ગઇ છે તેના પરથી જનતાનો વિશ્વાસ ડગી ગયો હતો. અડધા ટકા વ્યાજના લાભમાં આંધળો વિશ્વાસ કદી ભારે પડે એમ છે. મોટા મોટા ઉદ્યોગો અને ધંધાર્થીઓ કરોડોમાં લોન લઇ પરદેશમાં રફુચક્કર થઇ જાય છે.

જ્યાં તેમને નાગરિક સહેલાઇથી મળી જાય છે. લોન લેવા સિક્યોરિટી લેવામાં આવે છે. જ્યારે સામાન્ય ખાતેદારો ક્યારેય સિક્યોરિટી માટે પૂછતા પણ નથી. આને આંધળો વિશ્વાસ. જોજો, આપણે કદી મરણમૂડી ગુમાવવાનો વારો આવે નહિ.

**સુરત - અનિલ શાહ**

### જીવનરક્ષકો

ડોક્ટર, હકીમ, વૈદ્ય માનવસમાજમાં જીવનરક્ષાની દિશામાં સતત કાર્યરત રહીને મૂલ્યવાન સેવા આજીવન આપતા રહે છે. તે ઉપરાંત કેટલાક ઉત્સાહી જનસેવકો આજીવન નિઃસ્વાર્થ ભાવે ભેદભાવ વિના નિઃશુલ્ક નિર્દોષ ઇલાજની વસ્તુઓ અજમાવે છે, જે પરિણામદાયી નીવડે છે. એમ જીવનરક્ષકોની યોગ્ય નોંધ લેવાવી જોઇએ. તેઓ નાના માણસોની માણસાઇનાં જીવંત પ્રતીકો છે. ધરતીરત્નો છે. અમદાવાદના આશીર્વાદ ફાઉન્ડેશન આવાં નરરત્નોને નોંધપાત્ર જનસેવા બદલ ધરતીરત્ન એવોર્ડ રોકડ પુરસ્કાર અને ટ્રોફી સાથે જનનેતા હસ્તે પ્રદાન કરે છે. આ વર્ષે ગુજરાતના બાર જનસેવકોમાંથી નવ તો વ્યક્તિવિશેષ તરીકેની નોંધ સાથે ગુજરાત રાજ્યમાંથી પસંદ થયા છે. તેમાંયે વિશેષ ગર્વીલી હકીકતો સુરતના ઈશ્વરભાઇ પટેલની પસંદગી અને મુખ્ય પ્રધાનના શુભ હસ્તે સન્માનિત થયાની છે. ઈશ્વરના દૂતની ભૂમિકામાં ઈશ્વરભાઇએ 50 વર્ષોથી સેવાયજ્ઞ ચલાવી 10 લાખથી વધુ વ્યક્તિઓને સાજાં કર્યાં છે. નિઃશુલ્ક સેવા હોવા છતાં દર્દીઓ સ્વૈચ્છિક પ્રતીક દાન દે છે. ઈશ્વરભાઇની સાથે તેમનો સુપુત્ર પણ સેવા કરે છે.

કમળાની દવા ઉપરાંત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સત્ત્વશીલ વાચન પણ આ જનસેવક કરતા રહે છે. જનસાધારણ ઉપરાંત અધિકારીજનો જનનેતાઓ, જનસેવકો પણ લાભાન્વિત થઇ ચૂક્યા છે. સમાજના દરેક વર્ગનાં લોકો કોઇ પણ જાતના ભેદભાવ વિના લાભાન્વિત થાય છે. માનવતાની દિશામાં જીવનરક્ષકોનું એ જ તો છે જીવનકાર્ય.

**સુરત - યુસુફ એમ. ગુજરાતી**

### જતું કરો, પેસેન્જર ટ્રેન

જગત મુસાફરી કરવા આવેલાં માણસોમાં તમે અને હું, આપણે બધા જ કુદરતે ગોઠવેલી શ્વસનતંત્રની વૈજ્ઞાનિક શારીરિક પ્રક્રિયા મુજબ બાલ્યાવસ્થાથી વૃદ્ધાવસ્થા સુધીની સાંસારિક જીવનસફર ખેડવાની રહે છે.

કોઈના પણ સહારા વગર બેસતાં પહેલાં જીવનભરનાં તમામ પરિચિત કે, અજાણ્યા સામાજિક પ્રાણીઓ સાથે કરેલાં કે સહન કરવા પડેલા સમ્માનનીય કે અપમાનિત થયેલાં સંસ્મરણોને ખરા દિલથી અલવિદા કહેવાનો સોનેરી અવસર સમજવો. આ ભવમાં મળ્યા. હવે ફરી કયા ભવમાં ભેટો થશે ખરો?

શંકા પ્રબળ બનશે. ધારણાઓ ખોટી ઠરશે. એકમેકને દિલથી માફી માગવા અને આપવા જેવો સોનેરી અવસર આપતી અત્યંત ઝડપી એવી કલ્પનાની આપણી અણગમતી રેલવેમાં જ્યારે સવાર થઈ કુદરતના ખોળે પંચતત્ત્વોમાં વિલીન થઇ રહ્યા હોઈએ ત્યારે અંતરાત્માને અનંત અને પરમ - શાશ્વત શાંતિ અને સુખદ અનુભવ કરી શકવા સમર્થ બનવા સાથે આપણી પાછળની પેઢીને સદા અજવાળું મળતું રહે એ માટે અત્યારે જ જાગૃત થઈ આપણા થકી કોઈનું દિલ ના ભાંગે, યેનકેન પ્રકારે કોઈને કશોય અણગમતો વ્યવહાર આપણાં વાણી, વર્તન અને વચનથી ના થાય એવી આંતર જાગૃતિ જરૂરી અને બનવાજોગ છે કે કોઈ કે તમારા પ્રતિ અજાણતામાં વાણી, વર્તન કે વ્યવહાર કર્યા હશે, તો તેવી વ્યક્તિને પણ યાદ કરી પરસ્પરની ક્ષમાયાચના કરી લેવી.

**સુરત - પંકજ શાં. મહેતા**

### માતૃદિન

દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે માતૃદિનની ઉજવણી કરવામાં આવે છે. માતૃઋણ ક્યારેય ન ચૂકવી શકાય. માતાનો પ્રેમ નિઃસ્વાર્થ, પ્રેમનું ઝરણું હોય, માતાએ સંતાનોના ઉછેર માટે કેટલો ભોગ આપ્યો, સંઘર્ષ કર્યો વિ. અનેક ગુણગાન ગાવામાં આવશે! ફક્ત એક દિવસ માટે બાકી આ વૃદ્ધાશ્રમો કોની માતાઓથી ઉભરાય છે એ યક્ષ પ્રશ્ન છે! કદાચ નિઃસંતાન માતા વૃદ્ધાશ્રમમાં હોઈશકે પણ શું બધી જ માતા નિસંતાન હોય એવું તો શક્ય નથી ને?

માતૃદિન એક દિવસનો હોય જ નહીં! આખુ વર્ષ માતાનું સન્માન જળવાય એ જ સંતાનોના જીવનની સાર્થકતા કરી શકાય માતાને સંતાનો દ્વારા કોઈ માતૃસાર્થકતા કરી શકાય. સંતાનો દ્વારા કોઈ માતૃદિનની અપેક્ષા હોતી નથી ફક્ત જીવન સંધ્યાએ સંતાન દિનની અપેક્ષા હોતી નથી. ફક્ત જીવન સંધ્યાએ સંતાન એને સમજી શકે. એનું માન જાળવી શકે એને પણ થાક લાગી શકે, એને પણ અરમાન હોઈ શકે. એટલું સમજી શકે તો માના અવિરત શુભાશિષ સંતાનો પર અવશ્ય વરસી શકે. માનો સ્નેહ જ નિઃસ્વાર્થ ભાવનાથી સભર હોય છે. માતૃદિન 365 દિવસ હોવો જોઈએ.

**સુરત – નેહા શાહ**